## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબોને ત્રીજી લહેર પડી જ ગઈ છે... કોઈ ઓફિસે નહીં મળે. તમે પણ ઘરે જઈ લહેર કરો...!!

# આરોપીના ઘરેથી વધુ ૨૩ લાખની નકલી નોટ ઝડપાઈ

## નકલી નોટ છાપવાની સાધન સામગ્રી સહિત અસલી રોકડા રૂ.૨૩ હજાર પોલીસે કબ્જે કર્યા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર - વિજાપુર માર્ગ પર ગ્રામભારતી પાસેથી વાહન ચેંકીગ દરમિયાન ઝડપાયેલા સંતોષ રાવળ પાસેથી રૂ.૩૦ લાખનો બનાવટી ચલણી નોટોનો



જથ્થો મળી આવ્યો હતો. ત્યારબાદ માણસા પોલીસે સરગાસણ સહજાનંદ સ્ટેટસ બ્લોક નં.એ-૩૦૨ તપાસ કરતા બેડરૂમમાંથી રૂ.૨૩,૮૦,૫૦૦ ની નકલી નોટો તેમજ નોટો બનાવવાની સાધન-સામગ્રી, સહિત રોકડા રૂ.૨૦,૮૦૦ ની અસલી નોટો મળી આવી હતી.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઘરે જ નકલી નોટો છાપનાર સંતોષ રાવળના ઘરે માણસા પોલીસ દ્વારા તપાસ કરવામાં આવતા બેડરૂમમાંથી બીજી રૂ.૨૩ લાખની નકલી નોટો પોલીસે કબ્જે કરી છે. ત્યારે અત્યાર સુધીમાં પોલીસે આરોપી પાસેથી કુલ રૂ.૫૩ લાખની નકલી નોટો જથ્થો મળી આવ્યો છે. નકલી નોટોનો બેતાજ બાદશાહ સંતોષ રાવળ નકલી નોટ છાપવા માટેની સામગ્રી સેકટર-૬ ખાતે આવેલી સ્ટેશનરી ખાતેથી કોરા કાગળની ખરીદી કરી હતી. ત્યારબાદ આ કાગળને રૂ.૧૦૦,૫૦૦, અને ૨,૦૦૦ ની ચલણી નોટના આકારના કટીંગ કર્યા હતા. આ કાગળો તૈયાર કરીને આરોપીએ ઘરે જ પ્રિન્ટરની મદદથી નકલી નોટો છાપી હતી. નકલી નોટ પ્રકરણમાં વિજાપુર કનેકશન પણ સામે આવ્યું છે. ત્યારે માણસા પોલીસે તેને પકડી પાડવા માટે તજવીજ શરુ કરી છે.

### નકલી નોટ બનાવવાની સામગ્રી કબ્જે કરેલ મુદ્દામાલ

વિવિધ કંપનીના હાઈક્વોલીટી ફોટો પ્રિન્ટર નંગ-૨, કાર્ટીંગ નંગ-૬, ફોટો પ્રિન્ટરની ઈન્કની બોટલ નંગ-૬, એ-૪ સાઈઝના કાગળનો રીમ નંગ-૧, કાગળ કટીંગ કરવાની નાની કટરો નંગ-૭ સહિતનો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો છે.

## ગાંધીનગરના ૩૦૦ બાળકો પર રિસર્ચ કરી શોધ નિબંધ તૈયાર કરતા કિરણબેન પટેલ

ગાંધીનગર, તા. ૩૧

એનએએસ ૨૦૧૭માં ધો. ૮ સામાજિક વિજ્ઞાનમાં પ્રાપ્ત થયેલ



કઠિન બિંદુઓ આધારિત સુધારાલક્ષી કાર્યક્રમની રચના અને અજમાયશીકરણ જેવા સંપૂર્ણ વહીવટીય વિષય પર કિરણબેન પટેલે પીએચ.ડી.ની ડિગ્રી હાંસલ કરી છે. હેમચંદ્રાચાર્ય યુનિ. પાટણ એ આ શોધ નિબંધને માન્ય રાખ્યો છે. સુશ્રી કિરણબેન પટેલ ગાંધીનગર શહેર પ્રાથમિક શાસનાધિકારી તરીકે હાલ સેવાઓ આપી રહ્યા છે. મેઘરજ બી.એડ. કોલેજના આચાર્ય ડૉ. બી.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ ૩૦૦ થી વધુ પાનાનું આ રિસર્ચ પેપર ગાંધીનગર જિલ્લાના ૩૦૦ થી વધુ બાળકો સાથે પરામર્શ કર્યા બાદ તૈયાર કરવામાં આવ્યુ હતુ.

## ડૉ. ગુલાબચંદ પટેલને અભિવ્યક્તિ પ્રકાશન દ્વારા મળ્યું 'પત્રકારીતા રત્ન સન્માન ૨૦૨૧'

પત્રકારીતા દિવસ ૩૦ મે ૨૦૨૧ના રોજ અભિવ્યક્તિ ઈ પ્રકાશન ધરમપુર ઉત્તર પ્રદેશના સંપાદક ડૉ. અનિલ શર્મા દ્વારા વોઈસ ઓફ ગાંધીનગરના પત્રકાર, હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક સામાજિક કાર્યકર ને 'પત્રકારીતા રત્ન સન્માન ૨૦૨૧'થી સન્માન કરવામાં આવ્યું છે. શ્રી પટેલ દ્વારા ગાંધીનગર સમાચાર, પીરમિડ અને લોક સ્મૃતિ સાપ્તાહિકમાં પત્રકારત્વની સેવાઓ આપી તેઓએ હિન્દી પત્રિકા વરદાન ન્યૂઝ કાનપુર રિક્તીયા કાનપુર, ગ્લોબલ ન્યૂઝ પત્રિકા અને ન્યૂઝ નેટવર્કમાં હિન્દી ના લેખો મોકલેલ જે પ્રકાશિત થયા છે.

## સેન્ટર ઓફ એક્સિલન્સની સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ

ગાંધીનગર,તા.૩૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણ ક્ષેત્રે વિશેષ ઓળખ મળે તેવા હેતુથી ગુજરાતની પ્રતિષ્ઠિત સાત યુનિવર્સિટીઓને 'સેન્ટર ઓફ એક્સિલન્સહ્વની સૈદ્ધાંતિક મંજૂરી આપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને તેમજ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ રાજ્યમંત્રી વિભાવરીબેન દવે, ઉચ્ચ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અંજુ શર્માની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે યોજાયેલ શિક્ષણ વિભાગની ઉચ્ચકક્ષાની બેઠકમાં ગુજરાતમાં કાર્યરત નિરમા યુનિવર્સિટી, ચારૂસેટ યુનિવર્સિટી, અમદાવાદ યુનિવર્સિટી, મારવાડી યુનિવર્સિટી, ‘હૈં, ઝઈ્ તેમજ હૈછૈંઝ્ને સેન્ટર ઓફ એક્સિલન્સહ્વની સૈદ્ધાંતિક મંજૂરી આપવાનો નિર્ણય કરાયો છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આ સાત યુનિવર્સિટીઓને સેન્ટર ઓફ એક્સિલેન્સનો દરજ્જો મળવાથી વૈશ્વિક ફલક ઉપર પોતાનું વિશેષ પ્રદાન આપવા એક એક્શન પ્લાન તૈયાર કરાશે. આ નિર્ણયથી યુનિવર્સિટીઓમાં શિક્ષણની ગુણવત્તામાં વધારો થશે અને તેને વૈશ્વિક ટચ મળશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીઓમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેમાં હાઈટેક અને સ્ટુડન્ટ ફ્રેન્ડલી ક્લાસરૂમ, શ્રેષ્ઠ ફેકલ્ટીઝ, લેબોરેટરીઝ, લાયબ્રેરી, હોસ્ટેલ જેવી સુવિધાઓ ઉપલબ્ધ થશે.

## ઉવારસદ ગામમાં બાજી માંડીને બેઠેલા ૪ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા ઉવારસદ ગામના રણજીપુરા તળાવની પાસે આવેલી ખુલ્લી જગ્યામાં સાંજના સમયે બાજી માંડીને બેઠેલા ૪ શકુનીઓને અડાલજ પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસને જુગારીઓની અંગજડતી દરમિયાન ૨૬૦૦ અને દાવ પરથી રોકડા રૂ.૬૨૦ મળી કુલ રૂ.૩૨૨૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે તેઓને ઉવારસદ રણજીપુરા તળાવ પાસે કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમી રહ્યા છે તેવી બાતમી મળી હતી. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જુગાર રમી રહેલા ઉવારસદ ગામના ૨૨ વર્ષિય શૈલેશજી લાલુજી ઠાકોર, ગોવિંદજી લાલુજી ઠાકોર, અરવિંદ પધાજી ઠાકોર અને નરેશ કાળાજી ઠાકોર મળી આવ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી કુલ રૂ.૩૨૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારીઓ સામે જુગારધારા અને એપેડેમીક ડિસિઝ એકટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકાના પીંડારડા ગામે ઔડા દ્વારા સદ્‌ભાવના ગ્રામોત્થાન ફંડમાંથી વિકાસ કામો માટે રૂ. ૧૪.૯૯ લાખની ફાળવણી કરવામાં આવી છે.
- સે. ૨૨ ની બેંક ઓફ બરોડા શાખાના કર્મયોગી એવમ્ શહેરના જાણીતા ક્રિકેટર યશેષ વૈષ્ણવ આજે ૩૪ વર્ષની સેવાઓ પછી વય મર્યાદાને લઈ નિવૃત્ત થયા છે.
- માહિતી ખાતામાં નાયબ માહિતી નિયામક તરીકે ફરજો બજાવતા પલ્લવભાઈ પટેલ પણ ૩૪ વર્ષની અવિરત સેવાઓ પછી વય મર્યાદાને લઈ નિવૃત્ત થયા છે.
- ગાંધીનગર સરકીટ હાઉસમાંથી આજે ઉદેસિંહ ચૌહાણ, કાળુસિંહ વાણંદ અને ઉષાબેન દેસાઈ વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૪૮૯ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં ૧૮+ ૩૮૦૦ થી વધુ યુવાઓને અને ૫૦૦ થી વધુ ૪૫+ ના લોકોને મળી ૪૩૦૦ થી વધુનુ વેક્સિનેશન કરાયુ હતુ.
- રાજ્ય ચૂંટણી પંચના સચિવ તરીકે ૮ વર્ષની લાંબી સેવા બાદ આજે હરેશ જોશી સેવા નિવૃત્ત થયા છે. તેમની જગ્યાનો ચાર્જ નવનિયુક્ત નિવૃત્ત અધિકારી જી.સી. બ્રહ્મભટ્ટે સંભાળી લીધો છે.

# તાઉ'તે પહેલાં, તાઉ'તે દરમિયાન, તાઉ'તે પછી : રૂપાણી એટલે જાગતાં, દોડતાં, લડતાં પ્રહરી

એક પ્રતિબદ્ધ-સજ્જ શાસકની ઓળખ એ છે કે, એ મુશ્કેલીઓમાં અને વિપદાઓમાં ખીલી ઉઠે છે. આવા સમયે તેનામાં અંદરથી જ ચારગણું જોર અને જોમ ઉત્પન્ન થાય છે. રાજ્યમાં બધું સ્મૂધ ચાલતું હોય ત્યારે તો કોઈપણ સત્તાધારી સારૂ પરફોર્મ કરી શકે. પરંતુ દસેય દિશાઓમાંથી આફતોનું વાવાઝોડું ફૂંકાતુ હોય ત્યારે એ આફતોને નાથવી, પ્રજા અને આફત વચ્ચે અડગ, અડીખમ ઉભો રહી જાય, એ જ પ્રતિબદ્ધ શાસક. અંગદની જેમ એનો પગ કોઈ ન હલાવી શકે. ૨૦૦ કિલોમીટર ઝડપે ફૂંકાતું વાવાઝોડું પણ નહીં. તાઉ'તે સમયે રાજ્યનાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જે સતર્કતા દાખવી તે પુરવાર કરે છે કે, શાસકમાં જો ૨૪ કેરેટની નિષ્ઠા અને દીર્ઘદૃષ્ટિ હોય તો કોઈપણ આફત સામે બાથ ભીડી શકાય, તેની વિપરીત અસરો મહદ અંશે નાથી શકાય.

**● વાવાઝોડાની પૂર્વ તૈયારીઓ માટે ઉચ્ચસ્તરીય બેઠકો અને અસરકારક પગલાં**

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત પર આવનાર સંભવિત તાઉ'તે વાવાઝોડાની સ્થિતિ અને તેનો સામનો કરવા માટે રાજ્ય સરકારની સજ્જતાની સંપૂર્ણ તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા માટે ઉચ્ચસ્તરીય બેઠકો યોજી હતી. મુખ્યમંત્રીએ ઝીરો કેઝ્યુઆલીટીનાં એપ્રોચ સાથે વહીવટીતંત્રને તમામ તૈયારીઓ કરવા આગોતરી સૂચનાઓ આપી હતી.

મુખ્યમંત્રીનાં દિશાનિર્દેશમાં ૨ લાખથી વધુ લોકો તેમજ પશુપાલકોનાં પશુઓનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. વાવાઝોડાનાં પરિણામે વીજ પુરવઠાને અસર પડે તો સત્વરે દુરસ્તી કામ માટે ૬૬૧ જેટલી ટીમ તૈયાર હતી, ૭૪૪ આરોગ્ય ટીમ, ૧૬૦ આઈ.સી.યુ.ઓન વ્હીલ્સ, ૬૦૭ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ જરૂર જણાયે સેવામાં લઈ શકાય તે માટે ખડેપગે રાખવામાં આવી હતી.

**● વાવાઝોડા દરમિયાન ગુજરાતનું સતત મોનિટરિંગ**

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગુજરાત પર તાઉ'તે નામનું વિનાશક વાવાઝોડું ત્રાટક્યું એ પહેલાં કંટ્રોલરૂમ પહોંચી ગયા હતા. સતત બે દિવસ સુધી તેમણે મધરાત સુધી અને પરોઢિયા સુધી કન્ટ્રોલરૂમ સંભાળ્યો. આ ઘટના દર્શાવે છે કે, ગુજરાતનાં પ્રત્યેક નાગરિકની તેમને ચિંતા છે. કંટ્રોલરૂમ ખાતે મુખ્યમંત્રી રૂપાણીએ એરફોર્સનાં અધિકારીઓ સાથે વીડિયો-કોન્ફરન્સ યોજી હતી. મુખ્યમંત્રીએ ગાંધીનગરનાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે ઉપસ્થિત રહી તાઉ'તે વાવાઝોડાનાં લેન્ડફોલ અને રાજ્ય પરથી પસાર થવાની સંપૂર્ણ પ્રક્રિયા પર નજર રાખી રહ્યા હતા. તેમણે મોડી રાત્રે ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં મુખ્ય સચિવ સહિત રાજ્ય સરકારનાં તમામ વિભાગનાં વરિષ્ઠ સચિવો સાથે સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજીને આ વાવાઝોડાની ગતિ, સ્થિતિ અને તીવ્રતા વિશેની રજેરજની માહિતી મેળવી હતી તેમજ વલસાડ અને ગીર



સોમનાથનાં કલેક્ટરો અને અધિકારીઓ સાથે સ્ટેટ કન્ટ્રોલરૂમમાંથી ટેલીફોનિક હોટલાઈન દ્વારા વાતચીત કરીને તાઉ'તે વાવાઝોડાની સ્થિતિની માહિતી મેળવી હતી.

અભિગમથી સતત સતર્ક રહેવા અને તેમના જિલ્લાની સ્થિતિની માહિતી સ્ટેટ કન્ટ્રોલ રૂમમાં પહોંચાડતા રહેવાની સૂચના આપી હતી. આ સિવાય મુખ્યમંત્રી રૂપાણીએ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે હવામાન વિભાગના ડાયરેક્ટર પાસેથી ગુજરાતમાં તાઉ'તે વાવાઝોડાની સ્થિતિ અને આવનારા સમયમાં ક્યાં વિસ્તાર પ્રભાવિત થશે તે અંગેની માહિતી મેળવી હતી.

**● વાવાઝોડા અસરગ્રસ્ત વિસ્તારો-વ્યક્તિઓને સહાય**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગીર સોમનાથ, ભાવનગર તેમજ અમરેલી જિલ્લાનાં વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરીને ગુજરાતમાં તાઉ'તે વાવાઝોડાને કારણે સર્જાયેલી પરિસ્થિતિનું આકલન કર્યુ હતું. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમની સાથે ઉપસ્થિત રહ્યા હતા. તાઉ'તે વાવાઝોડાથી પ્રભાવિત ગુજરાતનાં વિવિધ વિસ્તારોનાં હવાઈ નિરીક્ષણ બાદ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ તાત્કાલિક રાહત કામગીરી કરવા માટે રૂ. ૧૦૦૦ કરોડ તેમજ મૃતકોનાં પરિજનોને રૂ. ૨ લાખ અને ઈજાગ્રસ્ત લોકોને રૂ. ૫૦,૦૦૦ની નાણાંકીય સહાયની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ સહાય બદલ સમગ્ર ગુજરાત વતી પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.



આ ઉપરાંત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં તાઉ'તે વાવાઝોડાને કારણે જીવ ગુમાવનાર મૃતકોનાં વારસદારોને ગુજરાત સરકાર તરફથી ૪ લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી. ૨ લાખની સહાય ઉપરાંત અપાશે.

તાઉ'તે વાવાઝોડાને પરિણામે મકાનો, ઝુંપડાઓ વગેરેને થયેલા



નુકસાનની સહાય માટેનો મહત્વપૂર્ણ નિર્ણય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ લીધો હતો અને મકાનોને થયેલા નુકસાન અંગે સહાયના ધોરણો જાહેર કર્યા જે મુજબ સંપૂર્ણ નાશ પામેલા મકાનો માટે રૂ. ૯૫૧૦૦ની સહાય, અંશતઃનુકસાન પામેલા મકાનો માટે રૂ. ૨૫૦૦૦ની સહાય, ઝુંપડાઓ માટે રૂ. ૧૦૦૦૦ની સહાય, પશુ રાખવાની જગ્યા ગમાણ, વાડાને થયેલા નુકસાન માટે રૂ. ૫૦૦૦ની સહાય જાહેર કરવામાં આવી. આટલું જ નહીં પરંતુ વાવાઝોડાનાં કારણે સ્થળાંતર થયેલા પુખ્તવયની વ્યક્તિને રૂ. ૧૦૦ પ્રતિ દિવસ, બાળકોને રૂ. ૬૦ પ્રતિદિન કેશડોલ આપવામાં આવ્યું છે. ૧૬ અને ૧૭ મે એ સ્થળાંતર થયેલા લોકોને સાત દિવસની કેશડોલ ચૂકવાય છે. ૧૮ મે એ સ્થળાંતર થયેલા લોકોને ત્રણ દિવસની કેશડોલ ચૂકવાય છે.

મુખ્યમંત્રી રૂપાણીનાં નેતૃત્વ તળેની રાજ્ય સરકારે તાઉ-તે વાવાઝોડાને કારણે નુકસાન પામેલા પાકને લઈ ખેડૂતો માટે રાહત આપતો નિર્ણય પણ કર્યો હતો. જે વૃક્ષો નાશ પામ્યા છે તેને એક હેક્ટર દીઠ રૂપિયા ૧ લાખની સહાય ૨ હેક્ટરની મર્યાદામાં આપશે. રાજ્યમાં હાલ કૃષિ ક્ષેત્રમાં થયેલા નુકસાનીના સર્વે માટે ૬૦૦ થી વધુ ટીમો કાર્યરત છે. તે પૈકી કેટલીક ટીમો વ્યાપક નુકસાન થયું છે, તેવા અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, ભાવનગર અને બોટાદ સહિત પ્રભાવિત જિલ્લાઓમાં નુકસાનનો સર્વે કરી રહી છે.

**● વાવાઝોડા અસરગ્રસ્ત વિસ્તારો-વ્યક્તિઓની મુલાકાત**

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં તાઉ'તે વાવાઝોડાથી પ્રભાવિત જિલ્લાનાં અંતરિયાળ ગામોની સતત બે દિવસ સુધી જાત-મુલાકાત લઈને આ વાવાઝોડાને કારણે થયેલી નુકસાની અને ગામની સ્થિતિનો ક્યાસ મેળવ્યો હતો. મુખ્યમંત્રી રૂપાણીએ ઉના, ગીર-સોમનાથ, અમરેલી, રાજુલા સહીતનાં ગામોની મુલાકાત લઈને ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો અને આ વિસ્તારોમાં વાવાઝોડાથી સર્જાયેલી વિકટ સ્થિતિનો ચિતાર મેળવ્યો હતો.

**● વાવાઝોડાનો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં આગોતરા આયોજન અને અગમચેતીએ હરાવ્યું**

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં નેતૃત્વમાં રાજ્ય સરકારની સતર્કતા, આગોતરા આયોજન અને લોકોના સહકારથી ગુજરાતમાં તાઉ'તે વાવાઝોડાથી મોટી જાનહાનિ ટાળી શકાઈ હતી. ચક્રવાતથી એક સ્તર નીચું ગણાતું તાઉ'તે નામનું વાવાઝોડું ૨૪ કલાકથી વધુ ગુજરાત પર રહેવાથી વ્યાપક નુકશાન થઈ શકે તેમ હતું પરંતુ રાજ્ય સરકારે વાવાઝોડું આવે એ પહેલાનાં ત્રણ દિવસ અગાઉથી જ બધી તૈયારીઓ પૂર્ણ કરી લીધી હતી. આગોતરા આયોજન, અગમચેતી અને રાજ્ય સરકારનાં મંત્રીઓથી લઈને નાનામાં નાના કર્મચારીનાં સક્રિય પ્રયત્નો તથા ગુજરાતનાં લોકોનાં અભૂતપૂર્વ સહકારથી ગુજરાત તાઉ'તે વાવાઝોડામાંથી સાંગોપાંગ મુક્ત થયું હતું.

### સતત બે દિવસ લગી મોડી રાત સુધી કન્ટ્રોલ રૂમ પર હાજરી આપી તેમણે આખી સ્થિતિ પર જાતે દેખરેખ રાખી : આ ઘટના એટલે તેમની ૨૪ કેરેટની પ્રતિબદ્ધતાનો વધુ એક પુરાવો

**● વાવાઝોડામાં નુકસાન પામેલા બાગાયતી પાકોને ફરી પુનઃ સ્થાપિત-રિસ્ટોરેશન કરવાનો નવતર અભિગમ**

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તાઉ'તે વાવાઝોડામાં બાગાયતી પાકોને થયેલા નુકસાન બદલ આર્થિક વળતર ચૂકવવા સિવાય બાગાયતી પાકોને ફરી પુનઃસ્થાપિત-રિસ્ટોરેશન કરવાનો નવતર અભિગમ અપનાવ્યો હતો. આવો અનોખો વિચાર પણ એ જ શાસકને આવે જે પ્રતિપળ પ્રજાની ચિંતા કરતો હોય. તાઉ'તે વાવાઝોડામાં નાશ પામેલા બાગાયતી પાકો નાળિયેરી, કેરી (આંબા)ને ફરી પુનઃસ્થાપિત-રિસ્ટોરેશન માટેની સંભાવનાઓ ચકાસી તે અંગે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓનાં તજજ્ઞ કૃષિ વૈજ્ઞાનિકો ખેડૂતોને તાંત્રિક માર્ગદર્શન પુરૂ પાડવાનાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં પ્રેરક દિશાસૂચન અનુસાર કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગે રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટીઓનાં ૧૯૩ જેટલા કૃષિ વૈજ્ઞાનિકોને તાઉ'તે વાવાઝોડાથી વધુ અસરગ્રસ્ત અને જ્યાં બાગાયતી પાકોને સૌથી વધુ વ્યાપક નુકશાન થયું છે તે જિલ્લામાં તાત્કાલિક મોકલવાની વ્યવસ્થા ગોઠવી હતી.

**● વાવાઝોડા ઉપરાંત કોરોના, મ્યુકરમાયકોસીસની મહામારી સામે અડીખમ લડત**

ગુજરાત અત્યારે માત્ર એક કોરોનાની જ નહીં પરંતુ કોરોના ઉપરાંતની અન્ય એક નવી મહામારી મ્યુકરમાયકોસીસ સામે પણ લડી રહ્યું છે. બે મહામારી સિવાય ગુજરાતે હાલમાં જ તાઉ'તે વાવાઝોડાનો પણ માર પણ સહન કર્યો છે. આમ છતાં ગુજરાતની રૂપાણી સરકાર આ તમામ આફતો સામે અડીખમ રીતે લડી રહી છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં નેતૃત્વમાં હાલ ત્રણેય આફતો સામે લડવા તમામ મોરચે શક્ય પ્રયાસો થઈ રહ્યાં છે અને તેના ઉજળા પરિણામો પણ મળી રહ્યાં છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સરકાર દ્વારા મ્યુકરમાયકોસીસનાં દર્દીઓની સારવાર માટે સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા જળવાય રહે અને ઝડપી સારવાર મળે તેવા ઉમદા હેતુથી ૧૧ તજજ્ઞ-તબીબોની એક ટાસ્ક ફોર્સની રચના કરવાનો નિર્ણય પણ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કર્યો છે. મ્યુકરમાયકોસીસ રોગનાં દર્દીઓની સારવાર માટે સરકારી હોસ્પિટલોમાં અલાયદા વોર્ડ પણ શરૂ કરવામાં આવ્યા છે. આ રોગની સારવાર માટે જરૂરી એવા ઈન્જેક્શનની સર્વવ્યાપી ઘટ હોવા છતાં રૂપાણી સરકારે આગોતરી અને યોગ્ય વ્યવસ્થાઓ કરીને અત્યાર સુધી મેડિકલ કોલેજો/જનરલ હોસ્પિટલ/કોર્પોરેશન સંચાલિત દવાખાનાઓને ૨૦૭૦૦ થી વધુ ઈન્જેક્શન છદ્બૅરીંષ્ઠિહ ર્એ ઉપલબ્ધ કરાવી આપ્યા છે.

**● આફતો વચ્ચે પણ એક પછી એક પ્રજાલક્ષી નિર્ણયો**

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ એક પછી એક અલગ-અલગ નિર્ણયો લઈ જાહેર કરી દીધું છે કે ગુજરાત પર ગમે તેવું સંકટ આવે તો પણ સુવિધાલક્ષી કામગીરી ચાલું જ રહેશે.

**● વાવાઝોડાથી લઈ મહામારી વચ્ચે અવિરત વિકાસનાં પંથે અગ્રેસર ગુજરાત**

કોરોનાકાળમાં કોવિડનું સંક્રમણ, લોકડાઉન-આંશિક લોકડાઉન, મ્યુકરમાયકોસીસ મહામારી, વાયુ-તાઉ'તે જેવા વિનાશક વાવાઝોડાં પણ વચ્ચે વિદેશી રોકાણ ક્ષેત્રે દેશમાં આવેલા કુલ રોકાણમાં એકલા ગુજરાતનો હિસ્સો જ ૭૮ ટકા છે. કોરોનાકાળમાં વિદેશી રોકાણને આકર્ષવામાં ગુજરાત સફળ રહ્યું છે. નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૭ ટકા વિદેશી રોકાણ સાથે ગુજરાત સમગ્ર દેશમાં અગ્રિમ છે ત્યારબાદનાં ક્રમે રહેલા મહારાષ્ટ્રમાં ૨૭ ટકા અને કર્ણાટક ૧૩ ટકા વિદેશી રોકાણ આવ્યું છે એટલે કે ગુજરાત મહારાષ્ટ્ર કરતા ૧૦ ટકા અને કર્ણાટક કરતા ૨૪ ટકા વધુ વિદેશી મૂડીરોકાણ સાથે રૂપાણી સરકારની ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, ઈન્ડસ્ટ્રી ફ્રેન્ડલી ટ્રાન્સપેરેન્ટ પોલિસી તથા વિવિધ ઈન્સેન્ટીવ્સનાં પરિણામે દેશ-વિદેશનાં ઉદ્યોગકારો માટે બેસ્ટ ચોઈસ ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે. યુએસએનાં રોકાણમાં ૨૨૭ ટકાનો અને યુકેના રોકાણમાં ૪૪ ટકાનો વધારો નોંધાયો છે. કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં પણ સતત બીજા વર્ષે ગુજરાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં દિશાદર્શનમાં દેશભરમાં સૌથી વધુ એફ.ડી.આઈ. મેળવવાની સિદ્ધિ પ્રાપ્ત કરી પોતાનું નામ રોશન કર્યું છે.

સંવેદનશીલ અને નિર્ણાયક સરકારનાં મુખીયા વિજયભાઈ



રૂપાણીએ મક્કમ અને અડીખમ રહી ગુજરાતને સંકટોમાં સાચવ્યું છે. ગુજરાતની સાડા છ કરોડ જનતાની કાળજી રાખી ચિંતા કરી છે. ગુજરાત પર કોરોના, મ્યુકરમાયકોસીસ કે તાઉ'તેની આંચ આવવા દીધી નથી. ગુજરાત ભાગ્યશાળી છે કે તેની પાસે મુખ્યમંત્રી તરીકે વિજયભાઈ રૂપાણી જેવા સેવાકીય શાસક છે. એક પરિવારનાં આદર્શ મોભી જે રીતે કુટુંબ માટે છાંયડો અને ઢાલ બની રહે છે, તેવી જ રીતે વિજયભાઈએ સાડા છ કરોડ ગુજરાતીઓનાં મોભી બની તેમને હૂંફ, રક્ષણ આપ્યા છે.